ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૭૪ ટકા

# શહેરમાં ડ્રાયફ્રુટસના ભાવમાં વધારો

## કાજુ ૯૦૦ રૂપિયા, અંજીર ૧૩૦૦, પિસ્તા ૯૨૦ રૂપિયે કિલો એમ તમામ ડ્રાયફ્રુટસમાં કિલોએ ૨૦ થી ૧૦૦ રૂપિયાનો વધારો નોંધાયો

ગાંધીનગર, તા.૧૨

શિયાળો આવતા જ લીલા શાકભાજી અને ફ્રૂટ સાથે સુકા મેવાની ખરીદી પણ શહેરીજનો ખાસ કરે છે. ખારેક, ખજૂર સાથે બદામ, અંજીર, કિસમિસ સાથે ઈલાયચી અને સૂંઠ, ગંઠોળાનું વેચાણ ભરપુર શહેરમાં થઈ રહ્યુ છે. આ ઋતુમાં ઠંડીથી રક્ષણ મેળવવા ગૃહિણીઓ વિવિધ જાતના વસાણા બનાવતી હોયછે. દરેક પરિવારજનોની પસંદ પણ હવે અલગ અલગ હોય છે અને બાળકો તો ડ્રાયફ્રુટસ વગર આવી ઘીથી લથપથ ચીજવસ્તુઓ ખાય નહિ એટલે બાળકો માટે ખાસ શહેરની ગૃહિણીઓ વિવિધ પ્રકારના ડ્રાયફ્રુટસનો ઉપયોગ કરી રહી છે. ડિમાન્ડ વધવા સાથે ડ્રાયફ્રુટસના ભાવમાં વધારો નોંધાયો છે. જે લગભગ ૧૦ થી ૧૫ ટકા વધારો છે તેમ કહી શકાય. બદામનો ભાવ કિલોએ ૬૪૦ રૂપિયાથી લઈ ૭૫૦ રૂપિયા સુધીનો છે.

### ડ્રાયફ્રુટસના ભાવ

| નામ | ભાવ (૧ કિલો) |
|---|---|
| બદામ | ૭૦૦ રૂપિયા |
| કાજુ | ૯૦૦ રૂપિયા |
| પિસ્તા | ૯૨૦ રૂપિયા |
| ફોલેલા અખરોટ | ૧૪૦૦ રૂપિયા |
| આખા અખરોટ | ૭૦૦ રૂપિયા |
| અંજીર | ૧૨૦૦ રૂપિયા |
| કિશમિશ અને કાળી દ્રાક્ષ | ૪૦૦ રૂપિયા |

ગાંધીનગરમાં ઠંડી વધતા સાથે ગૃહિણીઓ વસાણા બનાવવામાં લાગી ગઈ છે સાથે ચીકી પણ બનાવી રહી છે અને આજના દિવસોમાં શહેરના બાળકો માટે ડ્રાયફ્રુટ શુગર ફ્રી ચીકી ફેવરીટ છે. જે ખજૂર અને ડ્રાયફ્રુટ સાથે ખસખસ નાંખીને બનાવવામાં આવે છે. આ ઉપરાંત અડધિયા, સાલમપાક, ખજુર લાડુ, મેથી, ગુંદર લાડુ આ તમામ બનાવવામાં ગૃહિણીઓ ડ્રાયફ્રુટસનો ઉપયોગ કરતી હોય છે માટે જ શહેરના માર્કેટમાં પણ ડ્રાયફ્રુટસની ડિમાન્ડમાં વધારો નોંધાયો છે. બદામનો ભાવ રૂ. ૬૪૦ થી હવે ૭૦૦ રૂપિયા કિલો થયો છે. કાજુ ૮૫૦ થી ૯૦૦ રૂપિયા કિલોએ વેચાય છે. પિસ્તાનો ભાવ ૮૫૦ રૂપિયા હતો જે હવે ૯૨૦ રૂપિયે કિલો છે. ફોલેલા અખરોટનો ભાવ ૧૩૦૦ હતો જે આજે ૧૪૦૦ રૂપિયે કિલો છે. આખા અખરોટ ૬૫૦ રૂપિયા કિલોએ વેચાતા હતા જે આજે ૭૦૦ રૂપિયે વેચાય છે. અંજીર ૧૨૦૦ રૂ. કિલો કિસમીસ અને કાળી દ્રાક્ષના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો છે. ૪૦૦ રૂ. કિલોએ વેચાય છે. ભાવ વધ્યા હોવા છતાં ગ્રાહકોની ડ્રાયફ્રુટસની ખરીદીમાં ઘટાડો થયો નથી.



શહેરના ડ્રાયફ્રુટનો ઓનલાઈન વેપાર કરતા વૈશાલીબેન પટેલ સાથે આ બાબતે વાત કરતા તેઓ જણાવે છે કે શિયાળાની ઋતુમાં ઘરે ઘરે વસાણા તો બનવાના જ અને બાળકોને તમામ પાક ખવડાવવા હોય તો તેને ભાવતી વસ્તુનો ઉમેરો કરવો પડે. ખજૂર, કિસમીસ અને બદામ બાળકોની ફેવરિટ છે જેની ચીકી કે લાડુ બનાવવા માટે ગૃહિણીઓ ખાસ ડ્રાયફ્રુટસ ખરીદે છે અને જેને મોંઘવારી નડે છે તેઓ પણ ૧૦૦ થી ૫૦૦ ગ્રામ ડ્રાયફ્રુટસ તો ખરીદી જ રહ્યા છે.



ગાંધીનગરમાં કોરોનાનો કહેર હજુ યથાવત જોવા મળ્યો છે. છેલ્લા કેટલાય દિવસોથી અલગ અલગ સેકટરોમાંથી કોરોનાના કેસ મળી રહ્યા છે. હોમ કવોરન્ટાઈન થઈ સારવાર મેળવી રહેલા દર્દીઓની સંખ્યા વધુ હોવાથી ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા દવાઓનું વિતરણ કન્ટેઈનમેન્ટ એરીયામાં નિયમિત રીતે થઈ રહ્યું છે.

લક્ષચંડી મહાયજ્ઞની ઉજવણીના સંભારણારૂપે

## પાટીદાર પરિવારના ઘરે ઘરે આસોપાલવના તોરણ બંધાશે

ગાંધીનગર, તા.૧૨

કડવા પાટીદારની કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા દ્વારા લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવ ગત વર્ષે ઉત્સાહ-ઉમંગ અને ભકિતસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ મહોત્સવના સંભારણા રૂપે નીજ મંદિર ઉંઝા દ્વારા તા.૨૨ ડિસેમ્બરને મંગળવારના રોજ ઉજવણીનું આયોજન કરાયું છે. જેમાં દરેક પાટીદાર પરિવાર ઘર અને મંદિરે આ પવિત્ર દિવસે માતાજીની આરતી-દિપ પ્રાગટય, આસોપાલવના તોરણ, અને લાઈટથી સુશોભિત કરવામાં આવશે. મા ઉમિયાજી પ્રત્યે અતુટ શ્રધ્ધા વધે તે માટે પરિવાર સાથે લાપસીનો પ્રસાદ ધરાવી ભોજન પ્રસાદ કરીને અવસર ઉજવણીનો સંકલ્પ કર્યો છે. જેને પગલે ગાંધીનગર જિલ્લા ઉમિયા પરિવાર ના કન્વીનર મુકેશ પટેલ જણાવે છે કે ગાંધીનગર જિલ્લા ઉમિયા માતા પરિવાર અને ઉમિયા માતાજી સંસ્થાનના હોદેદારો દ્વારા નક્કી કર્યા પ્રમાણે ગાંધીનગર જિલ્લા-શહેરમાં વસતા તમામ પાટીદાર પરિવારો પોતાના ઘરે દિવડા પ્રગટાવી, આસોપાલવના તોરણ બાંધી લાઈટથી શુસોભિત કરી ઘર મંદિરે આરતી ઉતારી લાપસીનો પ્રસાદ ધરાવી સહ પરિવાર ભોજન પ્રસાદ લઈ મા ઉમિયાજીની શ્રધ્ધાપૂર્વક પૂજન આરાધના અને ઉજવણી કરવા અપીલ કરી છે. ઉલ્લેખયનીય છેકે કોરોનાની સ્થિતિને ધ્યાને રાખીને ગાંધીનગર મંદિર ખાતે માત્ર દિપ પ્રગટાવી આસોપાલવથી મંદિર સુશોભન કરવામાં આવશે.

## શહેરના એસ.ટી. ડેપોના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ સ્થિત એસટી ડેપોના પાર્કિંગમાં પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક માલિકે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હોવા છતા બાઈક ન મળી આવતા પોલીસે રૂ.૮૦૦૦ ની કિંમતના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૬ બ્લોક નં.૭૦-૫ ચ ટાઈપ ખાતે રહેતા આશિષ રાજુભાઈ ડાંગી પોતાના કૌંટુબીક ભાઈ સાથે રહે છે અને ગાંધીનગર ખાતે અભ્યાસ કરે છે. તેઓ આવન જાવન માટે હીરો હોન્ડા નં. જી.જે.૦૬.એફ.ડી.-૫૪૬૨ નો ઉપયોગ કરે છે. જયારે ગત તા.૫ ના રોજ સવારના ૫.૧૫ કલાકે બાઈક એસટી ડેપોના પાર્કિંગમાં મુકીને તેઓ કામ અર્થે બહાર ગામ ગયા હતા. ત્યારબાદ તા.૧૧ રોજ બપોરના અઢી વાગે આવીને પાર્કિંગમાં જોયુ તો બાઈક ન હતું. બાઈક માલિકે આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા બાઈક ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ... આબુ જવાની જરૂર નથી આખુ આબુ તમારા આંગણે...

ગાંધીનગર, તા.૧૨

શિયાળાની મોસમ શહેરમાં જામી જ હતી ને ત્યાં અચાનક વરસાદ વરસતા બે દિવસ સુધી મિશ્ર ઋતુનો શહેરીજનોએ અનુભવ કર્યો હતો. તેમાંય બાળકો અને વૃધ્ધો સાથે યુવાનોને પણ ઘરે જ રહીને કામ કરવું પડયું હતું. ત્યારે ઘરમાં રહીને ટાઈમ પાસ કરવા મોજમસ્તીનું સાધન એટલે સોશિયલ મિડીયા અને તેમાં પણ વૃધ્ધો તથા મોટાઓ સાથે તમામ વોટસઅપ પર ફરતા જોકસ વાંચીને મજા માણતા હોય છે અને આ મોકા અને દસ્તુર વચ્ચે શિયાળો અને અકારણીય ચોમાસાની ઋતુ બાબતે સોશિયલ મિડીયામાં ઘણા જોકસ ફરતા થયા હતા. આ જોકસની મજા શહેરીજનોએ વરસાદ સાથે જ માણી હતી તો ચાલો અમુક ફેમસ જોકસની મજા આપણે પણ માણીએ.

●●●

સાલુ રાતે સૂતા ત્યારે તો શિયાળો હતો
આજે સવારે ઉઠ્યો ત્યારે ચોમાસું છે
૫-૬ મહિના વધારે સુવાઈ ગયું હોય એમ લાગે છે.

●●●

વાહ રે મૌસમ તે પણ માણસ પાસેથી શીખી લીધું ગમે ત્યારે પલ્ટો મારવાનું.

●●●

નમસ્કાર
આબુ જવું છે?
બસ રજાઈ છોડો અને બહાર નીકળો
આબુ આખું બહાર તમારા ઘરે આવ્યું છે.
તમારી રાહ જુએ છે.
શુભ સવાર.

●●●

સમજયું જેને માઠું એ તો તોફાન નીકળ્યું,
ઠંડીની મજા લેવા જાણે આ ચોમાસું નીકળ્યું.

●●●

કોઈ ચાતક રહી ગયું છે કયાંક તરસ્યુ,
નહિતર આ ભર શિયાળે વાદળ કેમ વરસ્યું?

●●●

આજકાલ લોકો જે સવાર સાંજ બાફ (નાસ) લે છે એના ઉપર જઈને વાદળ બને છે અને એટલે આટલો વરસાદ પડે છે!!

## શહેરની એક સોસાયટીમાં મહિલાને પાડોશી શખ્સ બિભત્સ ચેનચાળા કરતો હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના એક વિસ્તારમાં આવેલી સોસાયટીમાં એક મહિલાને પાડોશી શખ્સ બિભત્સ હરકતો કરતા હોહા મચી જવા પામી હતી. જેથી મહિલાએ ૧૮૧ અભયમ ટીમની મદદ માંગી હતી. જેને પગલે ટીમ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગઈ હતી અને જોયુ તો મહિલા વિકલાંગ હતા તેમજ પથારીવશ હતા. મહિલાના ઘરની બારીમાંથી પાડોશીનું ઘર દેખાતુ હતું. જેથી પાડોશી શખ્સ વારંવાર ચેનચાળા કરતા હોવાનો મહિલાએ દાવો કર્યો છે. મહિલા કંઈ કહે તો આ શખ્સ ઝઘડો કરીને અપશબ્દો બોલતો હતો. અભયમની ટીમને જોઈ સોસાયટીની અન્ય મહિલાઓ પણ મોટી સંખ્યામાં એકઠી થઈ ગઈ હતી. મહિલાઓએ પણ આ શખ્સની ફરીયાદ કરી હતી. જેમાં શખ્સ નિર્વસ્ત્ર થઈ ઘરની બહાર સુઈ જાય છે, માર્ગ પરથી આવન જાવન કરતા નાગરીકોને ગાળાગાળી કરે છે. સ્થાનિક નાગરીકો પણ પોતાના બાળકોને બહાર રમવા માટે જવા દેતા નથી. વહેલી સવારે અને બપોરના સમયે મોટો અવાજ કરીને નાગરીકોને પરેશાન કરતો હોવાની ફરીયાદ મહિલાઓ દ્વારા કરવામાં આવી છે. પોલીસને મહિલાએ બોલાવતા પાડોશી શખ્સ ભાગી ગયો હતો. જેથી તેને ફોન કરીને ઘરે આવવાનું કહેતા કલાક સુધી ઘરે આવ્યો ન હતો. મહિલા ચાલી શકતા ન હોવાથી પીસીઆર વાન બોલાવી સે-૭ પોલીસે ૧૮૧ને ફોન કરનાર મહિલા અને આસપાસની મહિલાઓની ફરીયાદો મુદ્દે અરજી લીધી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે મહિલાઓની ખોટી રીતે હેરાનગતિ કરતા આ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.



શિયાળો શરૂ થઈ ચુકયો છે. આ ઋતુ સ્વાસ્થ્ય વર્ધક ગણાય છે. આખું વર્ષ શરીરને ચુસ્ત દુરસ્ત રાખવા આ સીઝનમાં જોગીંગ અને રનીંગ કરવામાં આવે છે. સ્વાસ્થ્યપ્રેમીઓ વહેલી સવારે સ્વર્ણિમ પાર્ક, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સરીતા ઉદ્યાન અને પુનિત વનમાં રનીંગ-જોગીંગ કરતા નજરે ચઢે છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. જસીબેન ગાંડાલાલ દરજી, ઉ.વ. ૮૦, રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જીજ્ઞેશકુમાર શંભુભાઈ પટેલ, ઉ.વ. ૪૯, વહેલાલ, તા. દસક્રોઈ, અમદાવાદ
- સ્વ. કમળાબેન દેવાભાઈ બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૭૦, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. અજુબા જગતસિંહ બિહોલા, ઉ.વ. ૭૯, પેથાપુર, જી. ગાંધીનગર
- સ્વ. તખીબેન મોતીભાઈ દેસાઈ, ઉવ. ૬૫, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દેસાઈ જયેશભાઈ હરજીભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. વાઘેલા ગોવિંદસિંહ બળદેવજી, ઉ.વ. ૬૧, નવલા પીંપળજ, તા. ગાંધીનગર
- સ્વ. દિલિપભાઈ વ્રજલાલ બારોટ, ઉ.વ. ૬૫, નાદરી, તા.જી. ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રભાઈ ત્રિકમદાસ શાહ, ઉ.વ. ૮૨, સેકટર-૨૭, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પ્રકાશ વાસુદેવભાઈ રાવલ, ઉ.વ. ૬૨, સરગાસણ, તા. ગાંધીનગર
- સ્વ. નીપાબેન અજીતસિંહ ચાવડા, ઉ.વ. ૪૬, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પટેલ જીવરાજભાઈ પરસોત્તમભાઈ, ઉ.વ. ૮૩, નાના વિરમગામ, તા. સાણંદ, અમદાવાદ
- સ્વ. જનસારી પુરુષોત્તમ ચતુરદાસ, ઉ.વ. ૮૨, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. કલ્પનાબેન કાળીદાસ ભટ્ટ, ઉ.વ. ૬૫, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. શાંતિલાલ મણીલાલ ચુનારા, ઉ.વ. ૭૩, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. અરૂણકુમાર અમૃતલાલ શાહ, ઉ.વ. ૮૧, મુરલીધર, અમદાવાદ
- સ્વ. વનીબેન ભાસ્કરાવ સાંણુકે, ઉ.વ. ૭૫, ઈન્દીરાબ્રીજ, અમદાવાદ
- સ્વ. ભાનુબેન દિલીપકુમાર પટેલ, ઉ.વ. ૪૬, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. મેઘના જીજ્ઞેશકુમાર પટેલ, ઉ.વ. ૩૭, ભાઈજીપુરા, કુડાસણ, ગાંધીનગર

## કોરોનામાંથી રીકવરી પામી મેરેથોન દોડીને જગત કારાણીએ કોરોનાને હંફાવી દીધો!

ગાંધીનગર, તા.૧૨

કોરોના સારવાર પછી જગત કારાણીએ મેરેથોનમાં દોડીને ૨૧.૧૧ કિમીનું અંતર ૨.૪૨ કલાકમાં પૂર્ણ કર્યુ. મજબૂત મનોબળ હોય તો ગમે તેવા રોગ સામે વિજય થાય છે! સંક્રમણ સમયે ગાંધીનગરના જાણીતા બિલ્ડરનો મેસેજ, 'ડિપ્રેશનમાં ન આવો, હિંમત ન હારો, સાહસથી સામનો કરો' ૬૩ વર્ષના યુવાને ૮૪ મેરેથોન પૂર્ણ કરી છે અને પ્રેરણા પૂરી પાડી છે.

કોરોના સંક્રમણ સમયે લોકોમાં ગભરાટ જોવા મળે છે. લાખો લોકો ડિપ્રેશનમાં આવી ગયા છે. કોરોના પોઝિટીવ આવ્યા પછી દર્દીને ડોકટર અને સગા સ્નેહીજનો આરામ કરવાની સલાહ આપે છે, કારણ કે સારવાર દરમ્યાન દર્દીના ફેફસાં નબળાં પડી ગયા હોય છે અને શરીરમાં કેટલુંક કોમ્પ્લિકેશન જોવા મળતું હોય છે પરંતુ કોરોનામાંથી સાજા થઈને આવેલા દર્દીઓને શરમાવે તેવુ આત્મબળ અને હિંમત ગાંધીનગરના જાણીતા બિલ્ડર જગત (જ્યંત) કારાણી ધરાવે છે.

જગત કારાણીએ છેલ્લા સાડા ચાર વર્ષમાં ૮૪ મેરેથોન પૂર્ણ કરી છે. ૬૩ વર્ષીય જગત કારાણી જ્યારે મેરેથોનમાં દોડે છે ત્યારે તેઓ એક યુવાનને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી તેમનો સ્કોર પ્રાપ્ત કરે છે. હિંમત, સાહસ, ધૈર્ય એ તેમના પર્યાય છે. તેઓ ગાંધીનગરના ટોચના દોડવીર છે. સ્પોર્ટ્સ ક્ષેત્રે તેઓ જે ધારે છે તે હિંમતપૂર્વક કરે છે. મેરેથોન ઉપરાંત અનેક ઈનડોર અને આઉટડોર ગેમ્સ તેમને પ્રિય છે.

કોરોના સંક્રમણ સમયે તેમને પણ તાજેતરમાં કોરોના પોઝિટીવ આવ્યો હતો. તેમના ફેફસાંમાં સંક્રમણ પ્રસરી ગયું હતું પરંતુ વીલપાવરના ધનિક



એવા જગત કારાણી છ દિવસ પછી કોરોના નેગેટીવ થઈને ડિસ્ચાર્જ થયાં હતા. જ્યારે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે ડોક્ટરોએ તેમને નિવાસસ્થાને આરામ કરવાની સલાહ આપી હતી પરંતુ તેમણે એવું નક્કી કર્યું હતું કે ડિસ્ચાર્જના ૨૧મા દિવસે મેરેથોનમાં હિસ્સો લઈને દોડવું છે.

૨૯ નવેમ્બરે એમના સાથી મિત્રો અદાણી અમદાવાદ મેરેથોન દોડ લગાવી રહ્યા હતા એ જોઈને એમણે પણ નક્કી કર્યું કે આવતા રવિવારે હું પણ ૨૧.૦૯૭ હાફ મેરેથોન પૂર્ણ કરીશ. એમના આ સંકલ્પનો ડોક્ટર સહિત સૌએ વિરોધ કર્યો, અરે એમની પત્નીએ પણ વિરોધ કર્યો પણ તેઓ અડગ રહ્યા હતા.

તેમણે જે પડકાર આપ્યો હતો તે દિવસ (૬ઠ્ઠી ડિસેમ્બર) આવ્યો અને અદાણી આયોજીત વર્ચ્યુઅલ મેરેથોનમાં તેમણે હિસ્સો લીધો. ગાંધીનગરમાં જગત કારાણીએ ૨૧.૧૧ કિલોમીટરનું અંતર ૨ કલાક, ૪૨ મિનિટ અને ૫૭ સેકંડમાં દોડીને પૂર્ણ કર્યું છે. તેમણે લોકોને અને કોરોનાગ્રસ્ત દર્દીઓને એ બતાવી દીધું છે કે મનોબળ મજબૂત હોય તો વ્યક્તિ ગમે તેવા રોગને પણ હરાવીને જીવનનો જંગ જીતી શકે છે. આજે ગાંધીનગર જ નહીં આખા ગુજરાતમાં જગત કારાણી લોકો માટે પ્રેરણાનો સ્રોત બન્યાં છે. ગાંધીનગર રનર્સ ગ્રુપના સાથી મિત્રો ડો. જિજ્ઞેશ રાજવીર, મયુર થાનકી, સંજય થોરાત, રમેશ ગદ્દુ, સંજય સિંહ વગેરેએ એમનો ઉત્સાહ વધાર્યો હતો અને એમણે આ મેરેથોન સફળતા પૂર્વક પૂર્ણ કરી કોરોનાને હંફાવી દીધો હતો.